ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

*વિસરાયાં વચન-વાયદા, વદન શરમાય !!*
*ને અસંતોષના ઉકાળામાં મતદાર ગરમાય !*
*ભરમાય હિંદુત્વ અસ્પષ્ટ - અનિર્ણાયક નીતિથી -*
*સૂકાયું સરોવર ચાહનાનું 'કમળ' કરમાય !*

હાઈકુ

*બદલ્યું નામ*
*બ્લડ 'બેન્ક'નું પણ -*
*લોન ના ભયે ?!*

*છોડી ધો ચિંતા -*
*દેશના આરોગ્યની -*
*જાત સંભાળો !!*

### ચિંતન

*જિહ્વા મૂલે સ્થિતો દેવ: સર્વતેજોમયોઽનલ: ।*
*તદગ્રે ભાસ્કરશ્ચંદ્રસ્તાલુમધ્યે, પ્રતિષ્ઠિત: ॥*

ઉપરોક્ત શ્લોક મહારામાયણમાંથી લેવામાં આવેલ છે.

જીભના મૂળમાં સ્થિત દેવ સર્વતેજોમય અગ્નિ છે. જિહ્વાની ટોચ પર સૂર્ય અને તાવળે ચંદ્ર પ્રતિષ્ઠિત છે.

તેથી જીભથી એ ત્રણે વર્ણાત્મક શ્રીરામના જપથી પોતપોતાના મૂળના પ્રકાશપ્રાપ્તિથી અગ્નિ, સૂર્ય અને દ્વારા થનારાં વૈરાગ્ય, જ્ઞાન અને ભક્તિનો પૂર્ણ વિકાસ છે ત્યારે અનુકૂળે અંતઃકરણ શુદ્ધિથી કર્મદોષ, જ્ઞાન દ્વારા કાળ દોષ નિવૃત્ત થાય છે.

જેમ માટીમાંથી ઘડો બનાવનાર ઘડાનું નિમિત્ત કારણ છે, મારી ઉપાદાન કારણ છે. કુંભાર ઘડો બનાવીને તેનાથી અલગ રહે છે, તેમ રહે છે, તેમની સત્તા જેમની તેમ રહે છે, તેમ શ્રીરામ જગતના નિમિત્તકારણ છે, જે જગત બનાવીને પણ તેનાથી અલગ રહે છે, તેમની સત્તા જેમની તેમ રહે છે. તે રીતે શ્રીરામ અગ્નિ, સૂર્ય અને ચંદ્રના નિમિત્તકારમ છે, જે તે ત્રણેથી ભિન્ન છે એટલે કે બીજ વૃક્ષને ઉત્પન્ન કરી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ગુમાવી દે છે, તેમ શ્રીરામ અગ્નિ - સૂર્ય - ચંદ્રના બીજ તો છે. પરંતુ તેમને ઉત્પન્ન કરીને પણ પોતાનું અસ્તિત્વ ગુમાવતા નથી.

### સુવિચાર

- પૈસા કમાઈને તું પરસેવાની રોટલી ખાજે, પરસેવો વળે ત્યાં સુધી રોટલી ખાતો નહીં - **જયકાંત પટેલ**
- ભગવાનએ નહીં પૂછે કે આપણે કઈ બ્રાન્ડની કાર વાપરતા હતા, પરંતુ એ જરૂર પૂછશે કે કેટલા જરૂરિયાતવાળા અને અશક્ત લોકોને એમના ઘર સુધી પહોંચાડવામાં આપણે મદદ કરી હતી - **એસ. ભટ્ટાચાર્ય**
- મોડો પસ્તાવો કદાચ સાચો ના હોય, પરંતુ સાચો પસ્તાવો કયારેક પણ મોડો નથી હો તો - **પ્રેમ સુમેસરા**
- લોકપ્રિયતાની એક વ્યાખ્યા એવી છે કે જયારે જાણી જોઈને કોઈ તમારી નકલ કરે અને વગર વાંકે ટીકા કરે ત્યારે સમજી જવું કે તમે લોકપ્રિય છો - **જય વસાવડા**
- શબ્દો જયારે અંતરમાંથી આવે ત્યારે સીધા જ અંતરમાં ઉતરી જાય છે - **બોધિવૃક્ષ**
- પેન્સિલ બનીને કોઈના સુખ ન લખી શકો તો કંઈ વાંધો નહિં પરંતુ રબર બની બીજાના દુઃખ તો જરૂર ભૂંસી શકાય છે? - **સંત રોબિન**
- આજનું ઔષધ : સરગવાના કુમળા પાનનો રસ મધ સાથે મિક્સ કરી આંખમાં આંજવાથી દુખતી આંખ હળવીફુલ થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રામકૃષ્ણ પરમહંસને દક્ષિણેશ્વરમાં પૂજારી તરીકેની નોકરી મળી. માસિક વેતન વીસ રૂપિયા નક્કી કરવામાં આવ્યું. નોકરીમાં હજી વીસ દિવસ વીત્યા હતા ત્યાં કમિટીમાં કોઈક ફરિયાદ કરી કે આ નવા પૂજારી તો ભગવાનને ધરાવવામાં આવતા ફુલ પહેલા પોતે સુંઘે છે, પછી ભગવાનને અર્પણ કરે છે, તથા ભગવાનને ધરાવવામાં આવતો પ્રસાદ પણ પહેલા ચાખી ને પછી જ થાળ ધરાવવામાં આવે છે.

આવી ફરિયાદ માટે દક્ષિણેશ્વર મંદિરના ટ્રસ્ટીઓએ શ્રીરામ કૃષ્ણ પરમહંસને બોલાવીને કહ્યું, 'પૂજારીજી, તમે ફુલ સુંઘીને તથા પ્રસાદ પણ પોતે ચાખીને ભગવાનને ધરાવો છો ?' રામકૃષ્ણે જવાબમાં કહ્યું, 'મારે પહેલાં જાણવું તો જોઈએ ને કે ફુલમાં કોઈ સુગંધ આવી રહી છે કે નહીં ? અને રહી વાત પ્રસાદની તો મને મારી યાદ છે કે જેઓ પણ તેવું જ કરતાં, જયારે પણ કોઈ ખાવાની વસ્તુ મારા માટે બનાવતા તો તે પહેલા પોતે ચાખતા અને પછી જ મને આપતા. અને ભગવાનને ધરાવવાની વસ્તુ મેં બનાવી છે જે ભગવાનના થાળને યોગ્ય છે કે કે નહીં, તે મારે જોવું તો પડે જ ને !!'

રામકૃષ્ણ નો આવો નિખાલસ ખુલાસો સાંભળી કમિટીના સદસ્યો ચૂપ થઈ ગયા.

# રમઝાન પણ લોહીયાળ રહ્યો...

તંત્રીસ્થાનેથી...

રમજાનના પવિત્ર માસ દરમિયાન જમ્મુ અને કાશ્મીરનાં મુખ્યમંત્રી મહેબૂબા મુફતીની વિનંતીને માન આપી કેન્દ્ર સરકારે કાશ્મીરમાં કાર્યરત સેનાને આતંકવાદી તત્ત્વો પ્રત્યે મૃદુ વલણ દાખવવા અને ઑપરેશન ઑલ આઉટ બંધ રાખવા આદેશ કર્યો હતો. જો કે પહેલા જ દિવસથી આતંકવાદી તત્ત્વોએ એ શુભલાગણીનો ગેરલાભ જ ઉઠાવવાનું વલણ દાખવ્યું હતું. ભારતીય સેના અને અર્ધલશ્કરી દળો સંયમ દાખવતાં રહ્યાં, એમને રમજાનમાં રક્તપાન નહીં કરવાના સરકારી સંકલ્પનું અક્ષરશઃ પાલન કરવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો પરંતુ સામા પક્ષે પાકિસ્તાન પ્રેરિત નાપાક તત્ત્વો વધુ બેફામ બન્યા. પાક રેન્જર્સ એમના ડીજીએમઓની સાથે થયેલ 'સીઝફાયર'ની સંધિનો છડેચોક ભંગ કરતા રહ્યા. આથી ભારતીય લશ્કરના રેન્ક અને ફાઈલનાં સ્વાભાવિક રીતે જ કેન્દ્ર અને રાજય સરકારના આદેશ પ્રત્યે રોષ સરજાયો છે. એમાં પણ જયારે ઈદ મનાવવા માટે થોડા દિવસની રજા લઈ ઘરે જવા નીકળેલા સૈનિકનું અપહરણ કરી એને રહેંસી નાખવાની બીભત્સ ઘટના બની ત્યારે આ રોષ પરાકાષ્ઠાએ પહોંચે તે સ્વાભાવિક છે. પાકિસ્તાન આર્મી, આર્મીની શેહમાં આતંકવાદની દુકાનો ખોલીને બેઠેલા હાફિઝ સઈદ જેવા ખૂંખાર ત્રાસવાદીઓ અને પડદા પાછળ ખુદ પાકિસ્તાનની સરકાર ભારતની સામે એક વણથંભ્યુ પ્રોક્સી યુદ્ધ લાંબા સમયથી ચલાવી રહ્યાં છે. આ પ્રોક્સી યુદ્ધ લાંબા સમયથી ચલાવી રહ્યાં છે. આ પ્રોક્સીયુદ્ધ એમના માટે નફાકારક રહ્યું છે. સીધી લડાઈમાં ભારતીય સેના સામે ત્રણ ત્રણ વખત ધૂળ ચાટવી પડી છે અને ચીન જેવી પ્રચંડ તાકાતનો સાથ હોવા છતાં એ પ્રકારની લડાઈથી પાકિસ્તાનને કશું જ પ્રાપ્ત નથી થવાનું એની પાક આર્મીને ખાતરી થઈ ચૂકેલ છે. ભારતીય સેનાએ સર્જિકલ સ્ટ્રાઈકલ કરી અને વધુ આક્રમક રુખ અપનાવ્યું છે તે પછી પાકિસ્તાન વધારે ઘાંઘું બન્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે એને એકલું પાડી દેવામાં ભારતના પ્રયાસો મહદંશે સફળ થયા હોવા છતાં મિયા પડી ગયા તો પણ ટંગડી ઊંચી ને ઊંચી રાખવાની જાણીતી રસમ અમલમાં મૂકી એણે કાશ્મીર મુદ્દે વધુ ને વધુ ઉગ્ર વલણ ધારણ કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તત્કાલીન પાક વડા નવાઝ શરીફ સાથે દોસ્તીનો દાવ ખેલવા કોશિશ કરી હતી પણ એમાં એ સદંતર નિષ્ફળ રહ્યા હતા. હવે જયારે દેશની આઝાદી પછી પૃથ્વી ઉપરના સ્વર્ગ કહેવાતા કાશ્મીરમાં સૌથી ખરાબ પરિસ્થિતિ પ્રવર્તી રહી છે ત્યારે ભારતીય સેના અને અર્ધલશ્કરી દળો સહિત કાશ્મીર પોલીસના જવાબો રોજના હિસાબે પાક પ્રેરિત આતંકવાદનો શિકાર બની રહ્યા છે. કેન્દ્ર સરકાર ગમે તેટલા દાવા કરતી ફરે પણ એની પાસે બદમાશ પાડોશી સાથે કેવી રીતે કામ પાડવું એની કોઈ દીર્ઘદષ્ટિવાળી યોજના નથી. માત્ર પાકિસ્તાન સાથે વાતચીત બંધ કરી દેવાથી સમસ્યાનો ઉકેલ નથી આવવાનો. નિર્દોષ સૈનિકોના લોહીથી રંગાયેલ જમ્મુ અને કાશ્મીરની આ કાયમી શિરોવેદનાનો કોઈ ઉકેલ મોદી પાસે નથી તેમ મહેબૂબા પાસે પણ નથી. સેનાને છૂટ આપવાની હિંમત કેન્દ્ર કરી શકે એમ નથી કારણ કે એને ચીનની બીક છે. માત્ર ચૂંટણીલક્ષી મુદ્દા તરીકે ઉછાળાતી રહેતી કલમ ૩૭૦ કે ૩૫ એ હટાવવાની પણ કેન્દ્રમાં હિંમત નથી. એક વાર આવી હિંમત રમજાન જેવા પવિત્ર મહિનામાં જ કરવાની જરૂર હતી એમ નથી લાગતું ?

## ડાયલોગ થી દેવભાષા



ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

***"જબ મૈંને કમિટમેન્ટ કર દિયા તો ફિર મૈં અપને આપ કી ભી નહીં સુનતા."***

***–વૉન્ટેડ***

વૉન્ટેડ ફિલ્મમાં શિરાઝ અહેમદ દ્વારા લખાયેલ આ સંવાદ જયારે સલમાન ખાન બોલે છે, ત્યારે દર્શકો તાલીઓના ગડગડાટથી વધાવી લે છે... કોઈ એક નિર્ણય લીધા પછી જીવનમાં કોઈ પણ મુશ્કેલીઓ કેમ ન આવી જાય, પરંતુ પાછા હટવું એ કાયરતા છે... સંજોગો તો ઘણા વિચિત્ર આવે પરંતુ કમિટમેન્ટથી પાછા ન હટવું તે જેન્ટલમેનની નિશાની છે.

આ જ કથનને વર્ષો પહેલાં ભર્તૃહરિએ નીતિશતકમાં કઈક આ રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો...

*ન નિશ્ચિતાર્થા દ્વિરમન્તિ ધીરા: ॥*

બહાદુર વ્યક્તિ કોઈ વસ્તુનો સંકલ્પ લીધા પછી પાછળ નથી હટતા...

ભર્તહરિએ ત્રણ શતકની ભેટ આપણને આપી છે... શૃંગાર શતક, નીતિશતક અને વૈરાગ્યશતક... તેમાંથી નીતિશતકમાંથી લેવાયેલા પંક્તિ - વૉન્ટેડના હમણાં ૨૦૦૯માં લખાયેલ સંવાદ સાથે કેટલો તાલમેલ ધરાવે છે.

## 'સર્જક સાથે સંવાદ' રોચક બન્યો



સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● વૃત્તસંચય

ગરવી ગુર્જરધરાના પનોતા ગુજરાતી સાહિત્યના સંવર્ધન, પ્રચાર-પ્રસાર અને માતૃભાષાને સદાકાળ મધમધતી, મહેંકતી અને ધબકતી રાખવા ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા યોજવામાં આવતા સાહિત્યિક કાર્યક્રમોમાં 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરના જાણીતા નવલકથાકાર - વાર્તાકાર અને ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી ડૉ. કલ્પેશ પટેલની સાહિત્યસર્જનયાત્રાની ગોષ્ઠિ તથા તેઓની વાર્તા પઠનનો કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષપણા હેઠળ, તા. ૧૦-૦૬-૧૮ ના રોજ, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો, ડૉ. કલ્પેશ પટેલે તેઓની સાહિત્યસર્જકયાત્રાની વિગતે - વિસ્તૃત માહિતી આપીને તેઓની નવલકથાઓ વિષે ટૂંકમાં પરંતુ રોચક માહિતી આપી, સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા. તેઓ તેમની બે લઘુકથાઓ રજૂ કરી, સર્વે સાથે વાર્તાવિમર્શ કરી, સર્વેને વાર્તાની દુનિયામાં સહેલ કરાવી. આ કાર્યક્રમમાં સાહિત્યકારો અને સભ્યો ઉપરાંત કવિ પ્રવીણ ગઢવી, પૂર્વ પ્રમુખ ભરત કવિ તથા વાર્તાકાર ધર્મેન્દ્ર ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નટવર હેડાઉએ અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા, ગાંધીનગરના વાર્તાકાર 'રાઘવજી માધડ'ના સંચાલનમાં ઈડર મુકામે, નવોદિત વાર્તાલેખન શિબિર યોજાઈ ગયો. ગુજરાતભરમાંથી આવેલા નવોદિત, વાર્તાકારોને ડૉ. રાજેશ વણકર, રજનીકુમાર પંડ્યા, ડૉ. પ્રભુદાસ પટેલ, ડૉ. કલ્પેશ પટેલ અને મનહર રવૈયાએ વાર્તાલેખન બાબતેનું માર્ગદર્શન આપ્યું હતું.

● શબ્દસેતુ, મોડાસા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે મોડાસા મુકામે નવોદિત વાર્તાલેખન તાલીમ શિબિર યોજાઈ ગઈ. આ શિબિરમાં ડૉ. પ્રભુદાસ પટેલ, ડૉ. યોગેશ પટેલ, ડૉ. કલ્પેશ પટેલ, સંજય ચૌહાણ અને ડૉ. પ્રવીણ વાઘેલા, આ સર્વે વાર્તાકારોએ નવોદિત વાર્તાકારોને વાર્તા બાબતે સવિસ્તૃત માહિતી આપી, વાર્તાલેખનમાં જરૂરી તત્ત્વોનું માર્ગદર્શન આપ્યું હતું.

- muljibhaidadhi@gmail.com

# દેશી રાજવીઓમાં ઊંચેરું નામ : નટવરસિંહજી



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

આપણો દેશ આઝાદ થયો તે પહેલા દેશનો મોટા ભાગનો પ્રદેશ બ્રિટીશ હકૂમત હેઠળ હતો. આ સ્થિતિમાં પણ દેશનો એક વિસ્તાર પરંપરાગત ચાલ્યા આવતા રાજવીઓના શાસન હેઠળ હતો. જો કે દેશી રજવાડાઓમાં પણ બ્રિટીશરોનો સતત ચંચુપાત રહ્યા કરતો હતો. નિયંત્રણો પણ હતા. દેશી રાજ્યોના રાજવીઓ તેમના વિસ્તાર તથા આવકની દ્રષ્ટિએ અલગ અલગ મોભો ધરાવતા હતા. વંશપરંપરાગત ચાલ્યા આવતા આવા રાજવીઓના શાસનનો અભ્યાસ પણ વર્તમાન સંદર્ભમાં મહત્વનો છે. બ્રિટીશ હકૂમતનો સકંજો મજબૂત હોવા છતાં કેટલાક રાજવીઓ સંતુલન જાળવીને પોતાની પ્રજાના કલ્યાણ માટે જાગૃત તથા પ્રયત્નશીલ હતા. આપણને આજે પણ તાજુબ થાય તેવા પ્રજાના હીતને લક્ષમાં રાખીને કેટલાક રાજવીઓ નિર્ણયો કરતા હતા તેમજ એક વખત નિર્ણય થાય ત્યારબાદ તેનો ચૂસ્ત અમલ કરાવતા હતા. એ રીતે જોઈએ તો રાજયના નિર્ણયોના અમલની વ્યવસ્થા આજ કરતાં પણ વધારે પરિણામલક્ષી હોય તેમ જણાય છે. જેમ કે સયાજીરાવ ગાયકવાડે ફરજિયાત કેળવણીની પ્રથા તો દાખલ કરી તથા સાથેજ તેનો કોઈ ભંગ કરે તો ભંગ કરનારને દંડ કરવાની તેમજ વસુલવાની ચોક્કસ વ્યવસ્થા ઊભી કરી. આ બાબત નોંધપાત્ર છે. સારા નિર્ણયોની જાહેરાત થયા બાદ જો તેના અમલીકરણ તરફ તંત્ર ઉદાસીનતા દાખવે તો તેવા પ્રજાલક્ષી નિર્ણયોનો લાભ નાગરિકોને મળતો નથી. આજના સંદર્ભમાં જોઈએ તો રાઈટ ટુ એજ્યુકેશન (આર.ટી.ઈ.)નો આદર્શ કાયદો છે પરંતુ તેના ચૂસ્ત અમલીકરણ સામેના પડકારો મોટી સંખ્યામાં આપણી આસપાસમાં જોવા મળે છે. પ્રજાલક્ષી નિર્ણયોના અસરકારક અમલીકરણ બાબતમાં જેઓ ખૂબજ સચેત હતા તેવા વડોદરા મહારાજા સયાજીરાવ તથા ગોંડલ રાજવી ભગવતસિંહજીનું સ્વાભાવિક સ્મરણ થાય છે. આવાજ વહીવટમાં અસરકારક હોય તથા પ્રજાની મુશ્કેલીઓ અંગે સંવેદનશીલ હોય તેવા રાજવી તરીકે પોરબંદરના રાજવી નટવરસિંહજીનું સ્મરણ થાય છે. પુણ્યશ્લોક રાજવી નટવરસિંહજીની જન્મજયંતી ૩૦ જૂનના રોજ આવે છે. ઉદાર તથા પ્રગતિશીલ વિચારો ધરાવતા આ રાજવીની સ્મૃતિ વંદના કરવાનો આ અવસર છે. યોગાનુયોગ નટવરસિંહજીના માતુશ્રી અદ્યતન ભાવનગરના નિર્માતા રાજવી તખ્તસિંહજીના પુત્રી હતા. ભાવનગરના રાજવીઓ તેમની સંસ્કારપ્રિયતા માટે જાણીતા છે. આથી મોસાળના ઉજળા સંસ્કાર મહારાજા નટવરસિંહજીને વારસામાં મળેલા હતા.

નટવરસિંહજી કળાપ્રિય રાજવી હતા. વાયોલીનના સુર રેલાવતા આ રાજવી મનની પ્રસન્નતા કે વેદનાના ભાવ સંગીતના માધ્યમથી શ્રોતાઓ સુધી ખૂબીપૂર્વક પહોંચાડી શકતા હતા. રાજયની શાળાઓમાં સંગીત અને ચિત્રકળાના વિષયોને ખાસ સ્થાન હતું. જે અન્ય રાજયોમાં તે સમયે જોવા મળતું ન હતું. જનસમૂહને સ્પર્શતા પ્રશ્નો ઉકેલવાની નટવરસિંહજીની અગ્રતા હતી. ગામડાઓમાં વસતા લોકોના પ્રશ્નો સમજવા માટે રાજયના લગભગ પ્રત્યેક ગામડાંની મુલાકાત લેનાર આ દુર્લભ રાજવી હતા. આથી તેઓ લોકોની વાસ્તવિક સ્થિતિના પુરતા જાણકાર હતા. નિર્ણયો આ બાબતને ધ્યાનમાં લઈને કરતા હતા. આડેધડ થતા ગેરકાનૂની ખનનનો પ્રશ્ન આજે પણ આપણી સામે પડકાર સ્વરૂપે ઊભો છે ત્યારે પણ આ પ્રશ્ન હતો. નટવરસિંહજીએ પોતાના કાળમા આવી પ્રવૃત્તિ અસરકારક પગલાં ભરીને અટકાવી હતી. રાજયમાં મુંગા પ્રાણીઓના બલીની પ્રથા અટકાવીને એક સુધારાવાદીને છાજે તેવું કાર્ય તેમણે કર્યુ હતું. સ્વસ્થ અને સૂઝવાળા શાસકને છાજે તેવો ઉત્તમ વહીવટ તેમણે પૂરો પાડ્યો. આર્યકન્યા ગુરુકુળ જેવી સંસ્થા ઊભી કરવામાં તેઓ નાનજીભાઈ મહેતા સાથે એક પૂરક બળ બનીને ઊભા રહ્યાં. કન્યા કેળવણીની બાબતમાં આવી જાગૃતિ તેમજ તે માટેના નક્કર પ્રયાસ એ નટવરસિંહજીની દીર્ઘદ્રષ્ટિ સૂચવે છે. અનેક બાળાઓનું શૈક્ષણિક ઘડતર આ સંસ્થાએ કર્યું. પોરબંદરે ગાંધીની ભેટ આપી તેથી જગતના ચોકમાં તેનું નામ ઝળહળા છે. પરંતુ ગાંધી ઉપરાંત નાનજી કાળીદાસ જેવા શ્રેષ્ઠી તથા નટવરસિંહજી જેવા શીલભદ્ર રાજવીને પણ જન્મ આપનાર પોરબંદરની ભૂમિ નમન કરવાને પાત્ર છે. પોરબંદરના દરિયા કિનારે આજે પણ જેનું આકર્ષણ છે તેવી ચોપાટીનું કામ પણ આ રાજવીની દીર્ઘદષ્ટિને કારણે સંપન્ન થયું.

નટવરસિંહજી રાજકુમાર કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે મહાકવિ નાનાલાલ ત્યાં અધ્યાપક તરીકે સેવા આપતા હતા. રાજવી તથા કવિ વચ્ચે સ્નેહાદરનો સંબંધ સંબંધ આજીવન રહ્યો હતો. નટવરસિંહજીનો રાજ્યાભિષેક થયા પછી કવિ નાનાલાલની પોરબંદર યાત્રાનો પ્રસંગ બન્યો. કવિ તથા ગુરુ તરફની લાગણી બતાવવા માટે નટવરસિંહજી જાતે મહાકવિને સત્કારવા પોરબંદર રેલવે સ્ટેશન પર હાજર રહેલા હતા. આવોજ વિવેક આ રાજવીએ મહાકવિ રવિન્દ્રનાથ ટાગોરની પોરબંદરની મુલાકાતના સમયે બતાવ્યો હતો. કવિગુરુ ટાગોર ૧૯૨૩ માં પોરબંદર આવ્યા ત્યારે આ રાજવી પોરબંદરના દરિયા કીનારે કવિગુરુનો સત્કાર કરવા જાતે હાજર રહેલા હતા. શાંતિ નિકેતન માટે પણ નટવરસિંહજીએ ઉદાર સખાવત કરી હતી. નટવરસિંહજીના વહીવટના છેલ્લા વર્ષોમાં ગાંધીજીની સાદગીનો પ્રભાવ જોવા મળતો હતો. દેશ આઝાદ થયો તે પછી રાજ્ય સત્તા છોડવામાં પોરબંદર પણ અગ્ર હરોળમાં રહેલું હતું. નટવરસિંહજીને એક સૌજન્યપૂર્ણ તથા શીલભદ્ર રાજવી તરીકે અનેક લોકો યાદ કરતા રહેશે તે નિર્વિવાદ છે. જ્યારે જ્યારે સુશાસનની તથા શાસકની સામાન્ય લોકો તરફની સંવેદનશીલતાની વાત થશે ત્યારે નટવરસિંહજી જેઠવાની સ્મૃતિ સૌને થયા કરશે. રાજ્યો ગયા પરંતુ નટવરસિંહજી તરફનો આદરભાવ સદાકાળ ટકી રહે તેવો મજબૂત છે.

# સમાજ માન્ય શાળા શિક્ષકોને ગાંધીજીએ વગર તાલીમે 'માસ્ટર' ટ્રેનર બનાવ્યા



ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીએ બિહારના ચંપારણમાં સમાજમાન્ય શાળાઓ ગરીબોના છોકરાને સ્વનિર્ભર બનાવવા શરૂ કરી. શિક્ષકો પણ તેમની સાથે કામ સાથે જોડાયેલા જ હતા. પરંતુ શિક્ષકો એવા હતા કે કેટલાંક શિક્ષકોને તો ગુજરાતીનું જ પૂરતું કહી શકાય એવું થોડુંક જ જ્ઞાન હતું. એમાં બા કસ્તૂરબા પણ હતા. જેમને તો નહીં જેવું જ એમ ખુદ મહાત્મા ગાંધી લખે છે. આ પરિસ્થિતિમાં સૌથી મોટો પ્રશ્ન એ ખડો થયો કે આ શિક્ષક બહેનો હિંદી ભાષી બાળકોને કઈ રીતે શીખવે ? (સત્યના પ્રયોગો, પૃષ્ઠ ૩૮૮)

પણ મુશ્કેલીમાંથી માર્ગ કાઢે એ જ મહાત્મા હોય ને ! ગાંધી બાપુએ શિક્ષક બહેનો સામે દલીલો આગળ ધરીને એમને સમજાવી કે હિંદી બાળકોને વ્યાકરણ નહીં પણ રીતભાત શીખવવાની છે. વાચતા લખતા કરતા તેમને સ્વચ્છતાના નિયમો શીખવવાના છે. હિંદી, ગુજરાતી અને મરાઠી વચ્ચે મોટો ભેદ નથી એ તેમને દાખલાઓ આપીને બતાવ્યું. અને પહેલા ધોરણના વર્ગમાં માંડ આંકડાઓ માંડતા શીખવાનું હોય એટલે મુશ્કેલી ના આવે. ગાંધીજીએ સરળ શબ્દોમાં શિક્ષણનું હાર્દ સમજાવી દીધું. પોતાના માનસ વિચારમાંથી તેમણે સમાજમાન્ય શાળા તો શરૂ કરી પણ આજના શાળા શિક્ષણ સાથે સંકળાયેલાઓએ હૃદયસ્થ કરવા જેવું એક સૂચન કે વિચાર આપ્યો શાળાના શરુઆતના શિક્ષણ દિવસોમાં બાળકોને વાચતાં લખતાંને આંકડાઓ માંડતા શીખવવાનું છે, સાથોસાથ સ્વચ્છતાનો પાઠ ભણાવીને બાળખોને કેળવવાન છે. 'ભાર વગરના ભણતર' નો પાઠ આ રીતે મહાત્મા ગાંધીએ ૧૦૦ વર્ષ પહેલા ભારતમાં અમલી બનાવ્યો હતો. ના કોઈ પ્રચાર પ્રસારના કે સૂત્રબાજીના પબ્લિસીટી સ્ટંટ વગર.

## શિક્ષણ સાથે સુધરાઈ ઉપર પણ ગાંધીજીએ ખાસ ધ્યાન આપ્યુ

ગાંધીજીએ શિક્ષકોને તદન ગરીબ અને અભણ મા-બાપના સંતાનોને કેવી રીતે ભણાવવું એની શીખ આપીને આજે જે ક્ષમતા કેન્દ્રી શિક્ષણ કે સૌંદર્યપરક શિક્ષણની વાતો થાય છે એવી કોઈ ભભકદાર વાતોના બદલે થોડામાં ઘણું સમજાવી દીધું હતું. ગાંધીજીની આ સમજણ શિક્ષકોએ શિરાની જેમ ઉતારી દીધી. જે બહેનોને અંદરથી એમ હતું કે અમને તો હિન્દી ભાષા પણ નથી આવડતી ત્યાં શીખવાનું કામ તો કેવી રીતે કરી શકાય ? - આ પ્રશ્ન જ તેમના મનમાંથી ભૂંસાઈ ગયો. એક નવા જ કાર્યમાં તેમને આત્મવિશ્વાસ આવ્યો. આત્મવિશ્વાસે તેમનામાં સરસ મજાની રીતે શિક્ષણ આપવાનો રસ પેદા થયો. આજે શિક્ષણના જે પ્રશ્નો છે એને ઉકેલવા માટે પાયાની સમજણ એ કેળવવાની જરૂર છે કે જેમની પાસેથી શિક્ષણ પ્રસારવાનું છે એ શિક્ષકોમાં આત્મવિશ્વાસ ઊભો કરવાનો છે. ગાંધીજીએ જે શિક્ષકો તેમને શિક્ષણ સેવા માટે મળ્યા હતા તેમના માટે કોઈ તાલીમ વર્ગો કે ઓપવર્ગ શરુ કરીને 'ટ્રેઈનર ટ્રેનિંગ પ્રોગ્રામ' આયોજિત કર્યા સિવાય તેમણે શિક્ષકોને સીધા જ માસ્ટર ટ્રેનર્સ બનાવી દીધા.

થોડા જ સમયમાં બિહારમાં શરૂ થયેલી શાળાઓ આદર્શ શાળાઓ તરીકે ગણાવા લાગી હતી. એમાંય મહારાષ્ટ્રમાં કેળવણીનું કામ કરી ચૂકેલા અવંતિકાબહેનની શાળા તો મોખરાની આદર્શ શાળા બની ગઈ હતી. આ બહેને તેમને ફાળવવામાં આવેલી શાળાણાં પ્રાણ રેડી દીધો. તેમની શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા અને આવડતના પરિણામે ગામડાની અનેક બહેનો શિક્ષણ સાથે જોડાઈ ગઈ હતી. ગાંધીજીએ આ રીતે કેળવણી શિક્ષણ સાથે બિહારના ગામડાના સ્ત્રી વર્ગને સામાજિક વિકાસ અને પરિવર્તન સાથે જોડાવાનું કામ બહુ સાહસિજતાથી કરી દીધું હતું.

પણ ગાંધીજી આટલા કાર્યથી જ સંતોષ માની લે એવા કયાં હતા. એમને શિક્ષણથી જ અટકી જવાનું મુનાસિબ ન માન્યું. પણ શિક્ષણના સહારે સામાજિક વિકાસને આગળ લઈ જવાનો બીજો પ્રયાસ પણ જોડી દીધો. ગાંધીજીએ અનુભવ્યું હતું કે ગામડા ગરીબ તો છે જ ઉપરાંત ગામડામાં ગંદકીનો પાર નથી. ગામની શેરીઓમાં કચરો, કૂવાઓની પાસે કાદવને બદલો, ઘરના આંગણા તો જોયા ન હોય એવા રહેતા હતા. બાળકોની વાત તો પછી પહેલાં તો મોટેરાને સ્વચ્છતાની કેળવણીની જરૂર હતી. દરેક ગામડાંના લોકો જુદા જુદા રોગોથી જ પીડાતા જોવા મળતા હતા. ગાંધીએ શિક્ષણની સાથોસાથ સુધરાઈનું કામ થાય તો કરવું, એમ પણ વિચાર્યું અને આ વિચાર પાછળ પણ આશય તો 'લોકોના જીવનના દરેક વિભાગમાં પ્રવેશ કરવાનો જ હતો.' ગાંધીજીના 'સર્વનો ઉદય - સર્વોદય' મંત્ર સમગ્ર હિન્દુસ્તાનમાં ફેલાય એવા પ્રયાસો આ રીતે જારી રાખતા હતા.

શિક્ષણ અને સુધરાઈનો પ્રશ્ન હાથમાં લઈને હિન્દુસ્થાની ગામડાઓની કાયાપલટ કરવાના ગાંધી વિચારના પ્રયાસોએ એક નવી જ દિશા એ સમયે ખોલી આપી હતી એમ કહી શકાય.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)